

યોગમય ગાંધીનગર - જિલ્લાના ઐતિહાસિક સ્થળો પર યોગ દિવસની ઉજવણી કરી પ્રવાસન પ્રવૃત્તિને વેગ આપવાનો નમ્ર પ્રયાસ કરાયો હતો... અડાલજની વાવ, કંથારપુરનો વડ અને રૂપાલના વરદાયિની માતાના મંદિરે જિલ્લાના ઐતિહાસિક સ્થળો છે... જ્યાં યોગના સામુહિક કાર્યક્રમોના માધ્યમથી રાજ્યનું અને દેશનું ધ્યાન આકર્ષિક કરવાનો તંત્રનો પ્રયાસ પ્રસંશનીય છે... આ ઉપરાંત અંબાપુરની વાવ, ત્રિમંદિર અને સ્વર્ણિમ પાર્ક જેવા સ્થળોએ પણ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાઈ હતી...

# અધિકારીઓ વિના સચિવાલય ત્રણ દિવસ સુનુ-સુનુ રહેશે

**રાજ્યભરમાં શાળા પ્રવેશોત્સવ ઉજવાશે જેમાં ત્રણ દિવસ સુધી મંત્રીમંડળના સભ્યો, સાંસદો, ધારાસભ્યો, પદાધિકારીઓ અને અધિકારીઓ જોડાશે**

ગાંધીનગર, તા. ૨૧

શિક્ષણ ક્ષેત્રે આગવી પહેલ કરી શકાય તેવા શાળા પ્રવેશોત્સવની ઉજવણી આગામી તા. ૨૩મી જૂનથી કરવામાં આવશે. શાળા પ્રવેશોત્સવમાં મંત્રીમંડળના સભ્યો, ધારાસભ્યો ઉપરાંત વર્ગ-૧ના અધિકારીઓ જોડાશે. સચિવાલયના સચિવકક્ષાના અધિકારીઓ શાળા પ્રવેશોત્સવમાં જોડાવવાના હોવાથી સતત ત્રણ દિવસ સુધી સચિવાલય અધિકારીઓ વિના સુનુ રહેશે.

પ્રાથમિક શિક્ષણમાં સુધાર લાવવાના હેતુથી અને વધુમાં વધુ બાળકો શાળામાં પ્રવેશ મેળવે તે હેતુથી વર્ષ-૨૦૦૩થી રાજ્યભરમાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવે છે. શાળા પ્રવેશોત્સવના કારણે રાજ્યમાં શિક્ષણનું પ્રમાણ વધી રહ્યું છે અને ડ્રોપઆઉટ રેશિયો ઘટી રહ્યો છે. શાળા પ્રવેશોત્સવની ૧૭મી શૃંખલાનો ૨૩મી જૂનથી પ્રારંભ થઈ રહ્યો છે. રાજ્યની ૩૨ હજાર જેટલી શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાશે. ત્રણ દિવસ સુધી ચાલનારા આ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં ૮૪ આઈએએસ, ૨૪ આઈપીએસ અને ૧૫ આઈએફએસ અધિકારીઓ સહિત વર્ગ-૧ના ૩૫૬ અધિકારીઓ શાળા પ્રવેશોત્સવમાં જોડાશે. સતત ત્રણ દિવસ સુધી ઉચ્ચ અધિકારીઓ સચિવાલયમાં ગેરહાજર રહેશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ બનાસકાંઠાના વડગામ તાલુકાની મેમદપુરા પ્રાથમિક શાળાથી કરાવશે. બીજા દિવસે તાપી જિલ્લાના નિઝરના રૂમકી તળાવ ગામની પ્રાથમિક શાળામાં બાળકોનું નામાંકન કરાવશે. ત્રીજા દિવસે અમદાવાદના મેમનગર ખાતે મુખ્યમંત્રી ઉપસ્થિત રહેશે. રાજ્યકક્ષાએથી અધિકારીઓ-પદાધિકારીઓને તાલુકાઓની ફાળવણી કરી દેવાઈ છે. તેઓ પ્રત્યેક તાલુકાની કોઈ એક

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં સતત બીજા દિવસે કોરોનાના ૭ કેસ

**શહેરમાં વધુ ૭ અને ગ્રામ્યમાં નવા ૩ કેસ કોરોનાના નોંધાયા : રાયસણમાં ૯ વર્ષનું બાળક સંક્રમિત : સે. ૨ માંથી ૩ કેસ, સે. ૪, ૭ અને ૩ માંથી કેસો મળ્યા : ગાંધીનગર ગ્રામ્યમાં એક અને કલોલમાં ૨ કેસ મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં કોરોનાના ૭ કેસ તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના વધુ ૩ કેસ મળી આવતાં જિલ્લા આરોગ્યતંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે.

શહેર-જિલ્લામાં સંક્રમણ વધી રહ્યુ છે તેમજ અગાઉની લ્હેર વખતે સંવેદનશીલ વિસ્તારો તરીકે ઉભર્યા હતા તે જ વિસ્તારોમાંથી કેસો મળી રહ્યા હોઈ તંત્રની ચિંતા વધી છે. લોકલ ટ્રાન્સમિશનના કેસો પણ વધી રહ્યા છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં કેસોની ગતિ વધી રહી હોવાથી તંત્રએ પણ પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવાની સાથે સાથે ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવાની સૂચનાઓ પણ આપી છે. શહેર-જિલ્લામાં કોરોના ગાઈડલાઈનના પાલન માટે પણ તાકીદ કરવામાં આવી છે.

શહેરમાં નોંધાયેલા કેસોમાં બે મહિલા દર્દી મળ્યા છે. મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી પણ તંત્રની ચિંતા વધી રહી છે. આ વખતે હોસ્પિટલાઈઝેશન રેટ નહિવત હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે પણ જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેથી તંત્રએ પણ તેની કામગીરી એલર્ટ મોડમાં ચાલુ કરી દીધી છે.

ગાંધીનગર શહેરમાં આજે ૭ કેસ નોંધાયા છે. જેમાં ૪ દર્દીની ટ્રાવેલ હિસ્ટ્રી તંત્રની પ્રાથમિક તપાસમાં બહાર આવી છે. આજે નોંધાયેલા કેસોમાં ૬ કેસ ગાંધીનગરના સેક્ટરોમાંથી મળી આવ્યા છે જ્યારે એક કેસ ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવેલ છે. આજે નોંધાયેલ ૭ કેસમાં એક ૯ વર્ષના બાળકનો પણ સમાવેશ થાય છે.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ રાયસણ ગામે એક નવ વર્ષીય દિકરાનો કેસ નોંધાયો છે. આ દિકરો ૧૮મી જૂનના રોજ યુ.એસ.થી પરત ફર્યો છે અને તાવ તેમજ અન્ય લક્ષણો જણાતાં તેનો ટેસ્ટ કરાતાં રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગર શહેરમાં બીજી અને ત્રીજી લ્હેરમાં સંવેદનશીલ બનેલ સે. ૨ માંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. સે. ૨ માં એક ૬૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત એક ૩૧ વર્ષીય યુવક અને ૨૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દી અમદાવાદ ગયા હોવાનું જાણવા મળેલ છે.

સે. ૪ માંથી ૩૮ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## યોગ બાદ પ્રમુખનું મન શાંત થયુ નહિ પણ ગાડીના મુદ્દે ડી.ડી.ઓ. પર ગુસ્સે થયા

ગાંધીનગર, તા. ૨૧

યોગ કર્યા પછી શાંતિનો અનુભવ થવો જોઈએ પણ આજે જિલ્લા પંચાયતના પ્રમુખ દિલીપભાઈ પટેલ શાંતિ અનુભવવાને બદલે ગુસ્સામાં આવી ગયા હતા.

સવારે તેઓ પોતાની ગાડી જાતે ચલાવી યોગ માટેના કન્વેનશન સેન્ટર પર પહોંચ્યા હતા. કાર્યક્રમ સંપન્ન થયા બાદ તેમને વિદાય આપવા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી આવ્યા હતા.

તેઓ ગાડીમાં બેસતા બેસતા એકદમ જિલ્લા વિકાસ અધિકારી પર ગુસ્સે થયા હતા અને પ્રમુખની ગાડીની દરખાસ્ત અંગે કોઈ નક્કર કામગીરી તમે કરતા નથી અને મારે જાતે ગાડી મારી લઈને આવવુ પડે છે. તમે એ દરખાસ્તનું ફોલોઅપ યોગ્ય રીતે કરો અને મને જણાવો એમ કહી ગુસ્સામાં જ ગાડીમાં બેસી ગયા હતા.

જિલ્લાકક્ષાના આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના ચાર જેટલા સભ્યો પણ હાજર હતા. જિલ્લા પંચાયત પ્રમુખની ગાડીનો મુદ્દો હવે ખુબ ચગ્યો છે. દરખાસ્ત મંજૂર થઈ ગયા પછી નવી ગાડીની કિંમતમાં વધારો થતાં વધુ મંજૂરી માટે સરકારમાં દરખાસ્ત પડી છે પરંતુ તે વાતને બે મહિના જેટલો સમય થઈ ગયો છે પણ હજુ ફાઈલ ક્લીયર થઈ નથી.

# જિલ્લામાં પ્રવેશોત્સવના કાર્યક્રમમાં મંત્રી પ્રદીપભાઈ પરમાર અને મુખ્ય સચિવ પંકજકુમાર જોડાશે

**ગાંધીનગર શહેર અને દહેગામ તાલુકામાં જ કુમાર કરતાં કન્યાઓ વધુ પ્રવેશપાત્ર : જિલ્લામાં ૬૬ રૂટ નિયત કરાયા**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં આજથી શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ ૨૩મીથી શરૂ થનાર છે. ગાંધીનગર શહેર અને દહેગામ તાલુકામાં જ કુમાર કરતાં વધુ કન્યાઓ પ્રવેશપાત્ર છે.

ગાંધીનગર જિલ્લામાં રાજ્યકક્ષાએથી ૧૦ સનદી અધિકારીઓ, પાંચ આઈ.પી.એસ. અધિકારીઓ, બે આઈ.એફ.એસ. અધિકારીઓ અને એક શિક્ષણ વિભાગના અધિકારીની ફાળવણી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના દહેગામ તાલુકામાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી પ્રદીપભાઈ પરમાર શાળા પ્રવેશોત્સવનો વિધિવત્ આરંભ કરાવશે.

રાજ્ય સરકારના મુખ્ય સચિવ પંકજકુમાર પણ ગાંધીનગર જિલ્લામાં શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમમાં જોડાવાના છે. આ ઉપરાંત સિનીયર સનદી અધિકારીઓ પણ જોડાવાના છે.

**જિલ્લામાં ૧૩ હજારથી વધુ બાળકો પ્રવેશપાત્ર છે. ગાંધીનગર શહેરમાં ૩૨૭ કુમાર અને ૩૩૩ કન્યાઓ પ્રવેશપાત્ર છે. દહેગામમાં ૧૮૪૧ કુમાર અને ૧૮૬૫ કન્યાઓ પ્રવેશપાત્ર છે**

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં શાળા પ્રવેશોત્સવ માટે ૫૬ રૂટ અને શહેરમાં ૧૦ રૂટો બનાવવામાં આવ્યા છે. આ માટેની લગભગ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ હોવાનું જિલ્લા શિક્ષણતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લામાં ૧૩ હજારથી વધુ બાળકો પ્રવેશપાત્ર છે. ગાંધીનગર શહેરમાં ૩૨૭ કુમાર અને ૩૩૩ કન્યાઓ પ્રવેશપાત્ર છે. દહેગામમાં ૧૮૪૧ કુમાર અને ૧૮૬૫ કન્યાઓ પ્રવેશપાત્ર છે.

જિલ્લામાં ૬૫૭૪ કુમાર અને ૬૨૯૪ કન્યાઓ પ્રવેશપાત્ર છે. જિલ્લામાં યોજાનાર શાળા પ્રવેશોત્સવના તમામ રૂટ પર લાયઝનીંગ ઓફિસરોની પણ નિયુક્તી કરવામાં આવી છે. મહાનુભાવો રોજની ત્રણ શાળામાં પ્રવેશોત્સવ દરમ્યાન હાજરી આપનાર છે. ૨૪મીએ કલસ્ટરની શાળાઓ અંગેની સમીક્ષા બેઠક યોજવામાં આવનાર છે.



યોગ દિવસ - શહેરના હાર્દસમા સ્વર્ણિમ પાર્કમાં મહાનગરપાલિકા દ્વારા યોગ દિવસની ઉજવણી કરાઈ હતી... યોગગુરૂઓ દ્વારા નિદર્શન મુજબ જોડાયેલા ૧૧૦૦થી વધુ સાધકોએ યોગ કર્યા હતા...

# ધો.૧૧ સાયન્સનું મેરિટ લિસ્ટ ૨૨ જૂને, પ્રવેશ યાદી ૨૭ જૂને જાહેર કરાશે

**ધોરણ ૧૧ સાયન્સમાં પ્રવેશની કાર્યવાહી શરૂ : સ્કૂલો દ્વારા તબક્કાવાર કુલ ૩ પ્રવેશયાદી જાહેર કરવામાં આવશે અને વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે**

અમદાવાદ, તા.૨૧

ધોરણ ૧૧ સાયન્સમાં પ્રવેશ માટે આજથી કાર્યવાહી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેના માટે સ્કૂલો દ્વારા આજથી પ્રવેશ ફોર્મનું વિતરણ કરવામાં આવશે. સ્કૂલો દ્વારા આવતી ૨૫ જૂન સુધી પ્રવેશ ફોર્મનું વિતરણ અને સ્વીકારવામાં આવશે. ધોરણ ૧૧ સાયન્સની સ્કૂલોએ પોતાના વિદ્યાર્થીઓનું મેરિટ લિસ્ટ તૈયાર કરીને ૨૨ જૂને જાહેર કરવાનું રહેશે. પ્રથમ પ્રવેશ યાદી સ્કૂલો દ્વારા ૨૭ જૂનના રોજ જાહેર કરવામાં આવશે. જો કે, સ્કૂલો દ્વારા તબક્કાવાર કુલ ૩ પ્રવેશયાદી જાહેર કરવામાં આવશે અને વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.

ધોરણ ૧૦નું પરિણામ જાહેર થયાના બે અઠવાડિયા બાદ હવે ધોરણ ૧૧ સાયન્સમાં પ્રવેશ માટે અમદાવાદ શહેર અને ગ્રામ્યની સંયુક્ત રીતે પ્રવેશ પ્રક્રિયા શરુ કરાશે. ધોરણ ૧૧ સાયન્સના પ્રવેશ વખતે મેરિટ યાદી તૈયાર કરતી વખતે ધોરણ ૧૦ના મુખ્ય ત્રણ વિષયો ગણિત, અંગ્રેજી અને વિજ્ઞાન (પ્રથમ ભાષા અને દ્વિતીય ભાષા)ના ગુણ ધ્યાનમાં લેવામાં આવશે. મંગળવારથી સ્કૂલો દ્વારા પ્રવેશ ફોર્મનું વિતરણ કરાશે અને જમા કરાવવા માટે કાર્યવાહી હાથ ધરાશે. આ કાર્યવાહી ૨૫ જૂન સુધી ચાલશે. આ દરમિયાન સ્કૂલોએ પોતાના વિદ્યાર્થીઓ પૈકી ધોરણ ૧૦માં પાસ થયેલા વિદ્યાર્થીઓનું મેરિટ લિસ્ટ બનાવી ૨૨ જૂનના રોજ સવારે ૧૦ વાગે સ્કૂલના નોટિસ બોર્ડ પર જાહેર કરવાનું રહેશે. ધોરણ ૧૧ સાયન્સ ચલાવતી લઘુમતી સ્કૂલોએ પોતાની સ્કૂલના ૬૯ અને અન્ય સ્કૂલના ૬ વિદ્યાર્થીઓ મળીને ૭૫ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવશે. જે વિદ્યાર્થીઓએ ગણિત બેઝિક સાથે પાસ કર્યુ હોય તેઓ ધોરણ ૧૧ સાયન્સમાં બી ગ્રૂપમાં પ્રવેશ મેળવી શકશે. પરંતુ ગ્રૂપ એ કે ગ્રૂપ એબીમાં પ્રવેશ મેળવી શકશે નહીં. ગણિત બેઝિક સાથે પાસ થયેલા વિદ્યાર્થીઓએ એ અથવા એબી ગ્રૂપમાં પ્રવેશ મેળવવો હોય તો જુલાઈ માસમાં લેવાનારી પૂરક પરીક્ષામાં ગણિત સ્ટાન્ડર્ડ વિષયની પરીક્ષા પાસ કરવાની રહેશે. ત્યાબાદ જ તેઓ એ કે એબી ગ્રૂપમાં પ્રવેશ મેળવી શકશે. ૨૫ જૂને ફોર્મ જમા કરાવી દીધા બાદ ૨૭ જૂને સ્કૂલો દ્વારા પ્રથમ પ્રવેશ યાદી બહાર પાડવામાં આવશે. ત્યારબાદ પ્રવેશ યાદીમાં જે વિદ્યાર્થીઓનું નામ હશે તેઓએ ૨૭ અને ૨૮ જૂનના રોજ ફી ભરી પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે. આ રીતે કુલ ત્રણ પ્રવેશ યાદી બહાર પાડવામાં આવશે.

પ્રવેશ કાર્યવાહી ૨ જુલાઈના રોજ પૂર્ણ થયા બાદ જે વિદ્યાર્થીઓ પ્રવેશીથી વંચિત રહી ગયા હશે તેઓ માટે કાર્યવાહી શરુ કરવામાં આવશે. જેમાં પ્રવેશથી વંચિત તમામ કેટેગરીના વિદ્યાર્થીઓ માટે કેન્દ્રીય ભરતી પ્રક્રિયાના ફોર્મ ૪ જુલાઈથી ૫ જુલાઈ દરમિયાન રાયખડ ખાતે આવેલી સરકારી કન્યા શાળામાં સવારના ૧૧થી સાંજના ૫ વાગ્યા સુધી મેળવી એ જ દિવસે ભરીને વિતરણ કેન્દ્ર પર જમા કરાવવાના રહેશે.

**ડોક્ટર મળશે નહિ**
**ડો. કિરીટ એસ. પટેલ** MBBS
તા. ૨૩/૬/૨૦૨૨ થી ૮/૭/૨૦૨૨ સુધી તેમના ક્લિનીક પર મળશે નહી. તેમના સ્થાને ડૉ. ટ્વિંકલ રાઠોડ મળશે.
: ક્લિનિક :
૨૦૫, આનંદનગર,
સેક્ટર-૨૭, ગાંધીનગર

## ગુડાની આવાસ યોજનાના ડ્રોની યાદી લીક થઈ હોવાની વાતને લઈ ચેરમેન ગુસ્સામાં

ગાંધીનગર, તા. ૨૧

ગુડા દ્વારા આર્થિક રીતે નબળા વર્ગના લાભાર્થીઓ માટે આવાસ ડ્રો પૂર્વે જ યાદી લીક થવાના મામલે ચોંકી ઉઠેલા ગુડાના ચેરમેન ડૉ. ધવલ પટેલે આ સમગ્ર પ્રકરણની તપાસ કરી અહેવાલ રજુ કરવાના આદેશો આપ્યા છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ટી.પી. સ્કીમ નં. ૬ના કુડાસણ વિસ્તારમાં ૩૩૬ ફ્લેટ બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત પેથાપુરમાં ૧૦૦, વાવોલમાં ૫૦૪ અને ૨૮૮ આવાસ તેમજ સરગાસણમાં ૧૨૦૮ આવાસોનો સમાવેશ થાય છે.

ગરીબો માટેની આ આવાસ યોજનાનો ૧૮મીએ વર્ચ્યુઅલ ડ્રો પ્રધાનમંત્રીના હસ્તે થયો. પરંતુ ૧૭મીએ સાંજે આ ડ્રો પૂર્વે તંત્ર દ્વારા અરજદારોની અરજીઓને લઈ કરાયેલ ટ્રાયલ રનની યાદી બહાર ફરતી થઈ ગઈ હોવાની વાતો ચેરમેન સુધી પહોંચતા તેમણે આજે તંત્રના અધિકારીઓનો ઉઘડો લઈ અને આ મામલે તપાસના આદેશો આપતા ગુડાની કચેરીમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ડ્રો પૂર્વે એકવાર નહિ પણ ત્રણથી ચાર વખત આ પ્રકારે ટ્રાયલ રન કરવામાં આવતા હોય છે તો આ યાદી બહાર કેવી રીતે ગઈ.

ચેરમેન ડૉ. ધવલ પટેલે આ ઘટનાને ખુબજ ગંભીરતાથી લઈ અને તપાસના આદેશો જારી કર્યા છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com